આંક–			
રજૂ તારીખ	૦૪.૦૮.૨૦૨૫		
દાખલ તારીખ	૦૪.૦૮.૨૦૨૫		
ફેંસલ તારીખ	૦૭.૦૭.૨૦૨૫		
અવધિ	વર્ષ– માસ – દિન.		
	૦૦	૦૦	૦૦

મોડાસાના મે. એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ એસ.આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં, મું.મોડાસા.

ક્રિમીનલ કેસ નંબર–૨૨૪૧/૨૦૨૫

ફરીયાદી :– **પટેલ વિનોદભાઈ બબાભાઈ ,**
ધર્મે– હિન્દુ, ધંધો :ખેતી ઉ.વ.૫૪,
રહે.મુ.પો.સાકરીયા ,
તા.મોડાસા, જી.અરવલ્લી.

––– વિરૂધ્ધ –––

આરોપી :– **મારીવાડ ભવાનભાઈ ભેમાભાઈ ,**
ધર્મે–હિન્દુ, રહે. જીતપુર નવી વસવાટ પો.આંબલીયા, તા.માલપુર , જી.અરવલ્લી.

બાબત : ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટનીકલમ : ૧૩૮ મુજબની ફરિયાદ.

ફરીયાદ પક્ષ તરફે વિ.વકીલ શ્રી એ.બી.સોની
બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી એ.જી.ઘોરી

–: ચુ કા દો :–

૦૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

ફરીયાદી ઉપરોકત સરનામે રહીએ છીએ અને ખેતીનો ધંધો કરીએ છીએ અને આરોપી ખેતી કરતા હોય અવારનવાર સાકીરયા મુકામે ફરીયાદીને મળતા હોઈ જેથી મિત્રચારીના સંબંધો બંધાયેલા હોવાથી અને ગાઢ મિત્રતા અને પરિચય થતા આરોપીને તેમના અંગત કામ નાણાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હોઈ આરોપીએ ફરીયાદી પાસે હાથ ઉછીના રૂ.૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરાની માગણી કરતા ફરીયાદીએ આારોપીને ડીસેમ્બર:૨૦૨૪ ના મહીનામા રૂ.૧,૦૦,૦૦/- અંકે રૂપીયા એક લાખ પુરા રોકડા હાથ ઉછીના આપેલા અને આરોપીએ તે વખતે ફરીયાદીને જણાવેલુ કે હુ ચાર માસમા તમને રકમ પરત કરી દઈશ તેવો વિશ્વાસ ફરીયાદીને આપેલો ત્યારબાદ ચાર માસનો સમય પુરો થયા બાદ ફરીયાદીએ આરોપી પાસે સદર નાણાની ઉઘરાણી કરતા આરોપીએ તા.૨૨/૪/૨૫ ના રોજનો બેક ઓફ બરોડા માલપુર શાખાનો આરોપીના ખાતાનો ચેક નંબર:૦૦૦૦૧૫ રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) આરોપીએ જાતે લખી સહી કરી આપેલ અને આરોપીએ ઉપરોકત ચેક આપી ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપી જણાવેલ કે આ ચેક ચેકની તારીખે અથવા ત્યારબાદ બેકમા રજુ કરવામા આવ્યેથી તમને ચેકમા જણાવ્યા નાણા મળી જશે જેથી ફરીયાદીએ આરોપી ઉપર ભરોસો રાખી ફરીયાદીએ આરોપીને આપેલ ઉપરોકત નાણા પેટે સદરહુ ચેક સ્વીકારેલ ઉપરોકત ચેક આરોપી પાસેથી સ્વીકાર્ય

બાદ ફરીયાદીએ તા.૨૨/૪/૨૫ ના રોજ એચ.ડી.એફ.સી.બેક મોડાસા શાખામા તેમના ખાતામા જમા કરાવતા સદર ચેક કલીયરીગ અર્થે જતા ખાતામા પુરતુ ભંડોળ ન હોય **''ફંડ ઈનસફીશીયટ''** ના શેરા સાથે તા.૨૪/૪/૨૫ ના રોજ રોજના રીર્ટન મેમાથી ચેક સ્વીકારાયા સીવાય પરત આવેલ અને ફરીયાદીને સદર ચેકની રકમ મળેલ નહી ચેક તા.૨૪/૪/૨૫ ના રીર્ટન મેમા સાથે ફરીયાદીને પરત કરેલ છે વધુમા ચેક રજુ કરશો તો ચેક મુજબના નાણા મળી જશે ફરીયાદીએ સદરહુ ચેક સ્વીકારેલો જેની જાણ આરોપીને કરતા આરોપીએ ફરીયાદીને કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી છેતરવાના ઈરાદે ખોટો ચેક જેથી ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફતે તા.૧૬.૦૫.૨૦૨૫ ના રોજ કાનૂની નોટીસ રજી. પોસ્ટ એ.ડી. થી આરોપીને આપેલી, જે નોટીસ આરોપીને તા. ૧૭.૦૫.૨૦૨૫ ના રોજ બજેલ છે. આમ, આરોપીને સદર કાનુની નોટીસ મળી ગયા પછી પણ ફરીયાદીની લેણી રકમ વસુલ આપેલી નથી કે નોટીસનો જવાબ પણ આપેલ નથી. જેથી હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કરેલ છે, તેમજ આરોપી વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટુ. એકટ કલમ–૧૩૮ મુજબ કાયદેસર કાર્યવાહી કરવા તથા ચેકની રકમનું પુરેપુરું વળતર તરીકે વસુલ અપાવવાની માંગણી કરેલ છે.

૨) આ રીતે આરોપી ને નોટીસની જાણ હોવા છતા ફરીયાદીની કાયદેસરની ચેક

મુજબની રકમ આ જદીન સુધી ચુકવી આ પેલ નથી. જે સંજોગોમાં ઉપરોક્ત ચેકની રકમ ફરીયાદીને મળેલ નથી. આ મ, આરોપીએ ફરીયાદીને આ પેલ વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરેલ છે. આ મ, આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી પણ કરેલ છે અને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ મુજબનો ગંભીર ફોજદારી ગુનો કરેલ છે. આ મ, કાયદેસર રીતે આરોપી ને નોટીસ આ પ્યા હોવા છતા દિન– ૧૫ ની મુદ્દતમાં રીટર્ન ચેકની રકમ ચુકવી આ પેલ નથી અને નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ અનુસારનો ગુનો કરેલ હોય, આરોપી ને યોગ્ય નસીયત કરવા તથા ફરીયાદીને મહત્તમ વળતર અપાવવા રજુઆત કરેલ છે.

૩) આ કામે હાલની ફરીયાદ દાખલ કરવામાં આવતા આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલ, સદર સમન્સ ઈસ્યુ થતાં તે બજી જતાં આ કામે આરોપી તેઓના વકીલશ્રી મારફતે હાજર થઈ વકીલપત્ર દાખલ કરવામાં આવેલ છે. જેથી ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદની નકલ તથા તમામ દસ્તાવેજો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૭ મુજબ આરોપી ને પુરા પાડેલ હોવાની ખાતરી કર્યા બાદ, સમન્સ ટ્રાયેબલ કેસની કાર્યવાહી મુજબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ મુજબ સદર કામના આરોપીની આંક– 08 થી પ્લી નિવેદન લીધેલ છે, જેમાં આરોપી એ ગુનાનો ઈન્કાર કરી, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૪) ફરિયાદપક્ષે તેઓના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

મૌખિક પુરાવા

ક્રમ	વર્ણન	આંક
૧	ફરીયાદીની સોગંદ ઉપર જુબાની –(સરતપાસનું સોગંદનામું)	૦૪

ફરિયાદપક્ષ દ્ધારા ઉપરોકત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ સાહેદનો મૌખિક પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી.

દસ્તાવેજી પુરાવા		
ક્રમ	વર્ણન	આંક
૧	**આરોપીએ ફરીયાદી ને આપેલ ચેક અસલ**	10
૨	**ચેક બેન્કમાં ભર્યાની પાવતી મેમો**	11
૩	**આરોપીને વકીલ મારફતે આપેલ અસલ નોટીસની સ્થળપ્રત**	12
૪	**નોટીસ રજીસ્ટર કરવા પોસ્ટની રીસીપ્ટ અસલ**	13
૫	**આરોપીને રજી. એ.ડી. બજેલ તેની પોસ્ટનો ઓન લાઈન ટ્રેક રીપોર્ટ**	14

ફરીયાદપક્ષે વધુ પુરાવા આપવા માંગતા ન હોય તે અંગેનુ ક્લોઝીંગ પુરસીસ આક– 18 થી રજુ કરેલ છે.

૫) ફરીયાદપક્ષના પુરાવા બાદ આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા માટે કામ રાખેલ, પરંતુ યોગ્ય અને પુરતી તક આપવા છતાં આરોપી હાજર રહેતા ન હોય આરોપીનો એફ.એસ.નો હક તા. 27/04/2026 ના રોજ બંધ કરેલ છે અને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૬) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. તેઓએ તેમની દલીલમાં તેમની ફરીયાદ હકીકત, તેમની સરતપાસની હકીકત તેમજ તેઓએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓને આધારે રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ તેમની દલીલમાં કાયદાકીય જોગવાઈઓ બાબતે રજુઆ ત કરેલ છે. પરંતુ આરોપી તરફે દલીલ કરવામા આવેલ નથી.

૭) આરોપી પક્ષને તેમનો બચાવ કરવા કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય અને પુરતી તક આપવામાં આવી છે. આરોપી પક્ષે ફરીયાદીની `ઉલટતપાસ કરેલ નથી કે હાજર રહી તેમનુ વિશેષ નિવેદન કે તેમનો કોઈ લેખિત–મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે તેમના બચાવના સમર્થનમાં કોઈ લેખિત–મૌખિક દલીલો પણ કરેલ નથી. આમ આરોપીને પુરતી તક આપવા છતાં હાજર રહી કામ ચલાવેલ ન હોય નામદાર ઉચ્ચ અદાલતના (૧) AIR 2014 S.C. 2528 INDIAN BANK ASSO. AND OTHERS V/s UNION OF INDIA (૨) 2016 (0) AIJEL HC 236849 SHARAD JETHALAL V/s STATE OF GUJARAT (૩) 2009 (1) BANK MANN 226 (KERALA HIGHCOURT) JAIN BABU V/s JOSEPH તથા (૪) SP.CRI.APPL. (QUASHING) NO. 9113/16 ISHWARBHAI JETHALAL CHUNARA V/s STATE OF GUJARAT ના ચુકાદાઓમાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને રાખી આરોપી પક્ષે કોઈ હાજર રહેતુ ન હોય અને હાજર રહેલ ન હોય તેમનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે અને સદર કામ આખરી હુકમ માટે રાખવામાં આવેલ છે.

૮) ઉપરોકત વિગતને ધ્યાને લેતાં કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના

મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

-// મુદ્દાઓ //-

૯)

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરીયાદીએ આરોપીને સતત નાણાની જરૂરીયાત હોય ફરીયાદી પાસેથી રૂ.1,00,000/- ચાર માસ બાદ પરત આપવાની ખાતરી આપેલ. આરોપી ફરીયાદીને આજદીન સુધીની રકમની ચુકવણી માટે તેમની બેક ઓફ બરોડા માલપુર ચેક નં. 000015 નો ચેક આપેલ. ફરીયાદીએ સદર ચેક તેઓના બેંક ખાતા ''એચ.ડી.એફ.સી.બેક '', મોડાસા શાખામાં વસુલાત અર્થે જમા કરાવતા તા.૨૪/04/૨૦ 25 ના રોજ ''ફંડ ઈનસફીચન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ. બંને ચેક પરત ફરતા ફરીયાદીએ આ કામના આરોપી ને તા.૧ ૬/૦5/ ૨૦૨5 ના રોજ વકીલ મારફત વિગતવાર નોટીસ રજી.એડી પોસ્ટથી આપેલ જે નોટીસ ગત તા. ૧૭/૦5/૨૦૨5 ના રોજ બજી ગયેલ છે. તેમ છતા આ કામના આરોપી એ ફરીયાદી સાથે સમાધાનની કોઇ વાતચીત કરેલ નથી. આ મ, આ જ દીન સુધી આ કામના આરોપી એ ફરીયાદીની લેણી રકમ પેટે આ પેલ ચેકની કોઇ જ રકમ ફરીયાદીને મળેલ ન હોય ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૧૦) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

-// **કારણો** //-

મુદ્દા નંબરઃ- ૧,૨

૧૧) હાલની ફરિયાદ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ હેઠળની છે. સદરહુ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ જોઈએ તો,

(૧) ચેક કાયદેસર અમલ કરાવી શકાય તેવા કરજ અથવા તો જવાબદારી અદા કરવા અથવા તેના ભાગરૂપે અપાયેલો હોવો જોઈએ.

(૨) ચેક તેની વેલીડીટી એટલે કે, છ માસમાં કાયદા મુજબ સ્વીકૃતિ માટે રજુ થયેલ હોવા જોઈએ.

(૩) આરોપીના ખાતામાં ભંડોળ ન હોવાના કે બેંક સાથે વ્યવસ્થા કરેલ હોય તે કરતાં ચેકની રકમ વધારે હોવાના કારણસર પરત ફરેલ હોવો જોઈએ.

(૪) ચેક પરત થયાની જાણ થતાં દિવસ- ૩૦ માં ચેક લખનારને લેખિત નોટિસ આપી, ચેકની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) આવી નોટિસના ૧૫ દિવસમાં ચેક લખનાર ચેકના નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

જો આટલા તત્વો સાબિત માની શકાય તેમ હોય અને ચેકના ધારણકર્તા દ્વારા નિયત સમયમાં એટલે કે, એક માસમાં ફરિયાદ દાખલ કરેલ હોય તો આરોપી સામે ગુનો સાબિત માની શકાય. આ જોગવાઈ ધ્યાને લઈ, ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાનું અવલોકન કરવું જોઈએ.

૧૨) આ કામે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧

અન્વયે કલમ: ૧૩૮ મુજબના ગુનાની ફરીયાદ દાખલ કરેલ છે ત્યારે કલમ: ૧૩૮ ના મહત્વના તત્વોમાં એક મહત્વનું તત્વ એ પણ છે કે, આપવામાં આવેલ ચેક કાયદેસરના દેવા યા જવાબદારી અદા કરવાના ભાગરૂપે આપેલ હોય. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ એક ગીફ્ટ અથવા ડોનેશન પેટે આપેલ હોય યા કોઇ દેવા કે અન્ય જવાબદારીના ભાગરૂપે ડ્રોઅરે પેઇને આપેલ ન હોય તો ચેક ગમે તે કારણસર પરત કરવાથી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ મુજબનો ગુનો બનતો નથી. વધુમાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ જોઇએ તો, તેમા ચેક ધારણ કરનારે ચેક દેવા અથવા અન્ય જવાબદારીના ભાગરૂપે ડ્રોઅર પાસેથી મેળવેલ છે તેવુ કોર્ટ અનુમાન કરશે સિવાય કે આરોપી વિરૂદ્ધનું પુરવાર કરે, એટલે કે કલમ: ૧૩૯ મુજબનું અનુમાન ખંડનીય છે. કલમ: ૧૧૮ જોતા વટાવખતના અવેજ, તારીખ, સ્વીકારના સમય, તબદીલી સમય, શેરાઓના ક્રમ, સ્ટેમ્પ, ધારક યથાક્રમ ધારક છે તેમ માની લેવા વિશે અનુમાન કરશે. સદર અનુમાન ખંડનીય છે. ઉપરોકત જોગવાઇ મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે કે, ચેક લખ્યાની તારીખથી ૬ માસ(હવે ૩ માસ) અથવા ચોકકસ સમય મર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતમાં તેણે રજુ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં તેણે ચેક લખનારને નોટીસ આપી હતી અને આવી નોટીસ બજવા છતા ૧૫ દિવસમાં રકમ ચુકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ ૩૦ દિવસમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવુ પડે કે, આવો ચેક કાયદેસની જવાબદારી અદા કરવા લખેલ હતો. ફરીયાદીએ આ કામે આંક:૧૦ થી ચેક રજુ કરેલ છે, જે ચેકમાં તારીખ અનુક્રમે 22/૦4/૨૦૨5 લખેલ છે જે એક ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ભરતા અનુક્રમે આંક: 11 ના બેંક રીટર્ન મેમાથી તા.24/04/૨૦૨5 ના રોજ બંને ચેક ''ફંડ ઈનસફીયન્ટ'' ના શેરા સાથે પરત

ફરેલ છે. તેથી એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ફરીયાદીએ નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કર્યા હતા. સદર બંને ચેક પરત આવ્યેથી ફરીયાદીએ તા. 16/05/૨૦૨ 5 ના રોજ આરોપી ને નોટીસ મોકલાવેલ છે, જે આંક:12 ની નોટીસ પરથી ફલિત થાય છે. સદર નોટીસ રીફ્યુઝના શેરા સાથે પરત થયા બાદ ફરીયાદીએ તા. 26/06/2025 ના રોજ ફરીયાદ દાખલ કરેલ છે, જે જોતા ફરીયાદ મુદ્દતમાં દાખલ કરેલ છે.

૧૩) આમ, પુરાવો જોતા, ટેક્નીકલી હાલની ફરીયાદને કોઇ બાધ નડતો નથી, પરંતુ સાથોસાથ કાયદાકીય નિયત કરેલ સિદ્ધાંત મુજબ પ્રથમ તબક્કે ફરીયાદીને પ્રાયમાફેસી કેસ, ત્યારબાદ ફરીયાદી તરફેનું કાયદાકીય અનુમાન, ત્યારબાદ આરોપી તરફેનો રીબર્ટલ પુરાવો અને જો આરોપી આવા અનુમાનનો રીબર્ટલ પુરાવો આપે તો ત્યારબાદ વાજબી શંકાથી પર ફરીયાદીએ પ્રસ્થાપિત કરવાનું રહે છે કે, હાલનો ચેક આરોપી દ્વારા કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપવામાં આવ્યો હતો અને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ હાલની ફરીયાદને કોઇ બાધ નડતો નથી. જે સંબંધે બચાવ પક્ષે લેવામાં આવેલ તકરારો અને રજુ થયેલ પુરાવાઓનું એકસાથે મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

૧૪) સદર કામે ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબ કરેલ છે. ફરીયાદીએ કરેલી ફરીયાદ અનુસંધાને અદાલત દ્વારા વેરીફીકેશન લઇ પ્રથમ દર્શનીય પુરાવો જણાતા આરોપી વિરૂદ્ધ સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે. આરોપી ને સમન્સની બજવણી થતા આરોપી હાજર થતા આરોપી ને કેસની નકલો પુરી પાડ્યા બાદ આરોપી નો જવાબ લઇ

આરોપી ને ગુનો કબુલ નથી તેમ જણાવતા કેસનું કામ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદીએ તેમના કેસના સમર્થનમાં આક– ૪ થી સરતપાસનું સોગંદનામુ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૪૫ મુજબ રજુ કરેલ છે. ફરીયાદીએ તેમની સરતપાસના સોગંદનામાની સાથે આક– ૩ ના

દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલા છે, જે આ કામે આક– 10 થી 14 મુજબના રજુ છે. ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ રજુ થયા બાદ સદર

કામ ફરીયાદીની ઉલટતપાસ માટે રાખતા આરોપી તરફે હાજર થઇ ફરીયાદીની કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી, ફરીયાદીની ફરીયાદ હકીકતને રીબર્ટ કરતો કોઇ જ પુરાવો આરોપી પક્ષે રજુ કરેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ તેમનો કોઇ વધુ પુરાવો આપવો નથી તેવુ જાહેર કરતા સદર કામ એફ.એસ. માટે રાખવામાં આવેલ છે, પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય તેઓનો એફ.એસ.નો તેમજ પુરાવાનો હક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તર્ફે મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધેલ છે. જ્યારે આરોપી પક્ષનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

૧૫) આ કામે આરોપી એ ફરીયાદીને લેણા પેટે જે વિવાદીત ચેક આપેલ છે તે આંક–10 થી રજુ થયેલ છે. આ આ એક ચેકોમાં આરોપી ની સહી છે. ફરીયાદ પક્ષે આરોપી એ આપેલ એક ચેક બેંકમાં જમા કરાવતા સદર ચેક ''ફંડ ઈનસફીચન્ટ'' ના કારણે પરત ફરેલ તેવુ જણાવેલ છે અને તે બાબતે બંને ચેક ફરેલ હોવાના પુરાવા તરીકે અસલ બેંક રીટર્ન મેમો આંક:11 થી રજુ કરેલ છે. આરોપી ને ફરીયાદીએ પોતાના વકીલ મારફતે આપેલ લીગલ નોટીસની સ્થળપ્રત આંક: 12 થી રજુ થયેલ છે. જે નોટીસ વંચાણે લેતાં

ફરિયાદ મુજબની હકીકત જણાવેલ છે. આ નોટીસમાં આરોપી એ આપેલ ચેક ''ફંડ ઈનસફીચન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ તે બાબતે આરોપી પાસેથી રૂા. 1,00, 000/- (અંકે રૂપિયા એક લાખ પુરા) ની માંગણી કરેલ હોવાનો ઉલ્લેખ છે. આ કામે રેકર્ડ ઉપર જોતાં ફરીયાદીએ મોકલેલ નોટીસ આરોપી ને બજી ગયેલ છે અને આરોપી એ નોટીસનો જવાબ આપેલ હોય તેવી કોઈ હકીકત નથી. ફરીયાદીએ સોગંદ ઉપર પોતાની જુબાની આપેલ છે, જેમાં ફરિયાદ હકીકત તથા રજુ કરેલ દસ્તાવેજોનો ઉલ્લેખ કરેલ છે. સદર ફરીયાદીની આરોપીપક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષે પોતાના પુરાવામાં આરોપી એ આ પેલ ચેક ''ફંડ ઈનસફીચન્ટ'' ના કારણે પરત ફરેલ છે અને નોટીસ આ પ્યા બાદ આરોપી એ ફરીયાદ દાખલ કરતા સમય સુધી કોઈ રકમ ન આ પેલાની હકીકત સુધી કેસ પુરવાર કરેલ છે, તેવુ તારણ આ પી વધુ ચર્ચા કરું છું. આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલા ચેક સહિતના ઉપર લીસ્ટમાં જણાવેલ તમામ દસ્તાવેજી પુરાવાને પુરાવામાં વંચાણે લેવા આંક આપવામાં આવેલ છે, જે તમામ અસલ દસ્તાવેજો ન માનવાને કોઈ કારણ નથી. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૧૮(એ) જોઈએ તો, દરેક વટાવખત અવેજ માટે કરી આપ્યું હતું તેવું અનુમાન થઈ શકે છે અને કલમ: ૧૩૯ જોઈએ તો, ચેકનાં ધારણ કરનારે ચેક દેવા-બોજ મુકત થવાનાં બદવામાં મેળવ્યો હશે તેવું પણ અનુમાન થઈ શકે.આ બંને અનુમાનો ફરીયાદીની તરફેણમાં અવશ્ય કરી શકાય. જો કે, આ બંને અનુમાનો માટેનાં કલમનાં શરૂઆતનાં શબ્દો જોઈએ તો એવું રહેલ છે કે,વિરૂધ્ધનું પુરવાર થાય તો અનુમાનો ખંડિત કરી શકાય તેવા અનુમાનો છે. એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, અનુમાન ખંડિત કરવાનો બોજો આરોપીપક્ષ ઉપર છે અને એ જરૂરી નથી કે, આરોપી વીટનેશબોક્ષમાં આવ્યેથીજ અનુમાનોનું ખંડન થઈ શકે. પરંતુ ફરિયાદપક્ષના રજુ થયેલ પુરાવા પરથી પણ આરોપી કલમ-

૧૧૮(એ) અને ૧૩૯ તળે ઉત્પન્ન થયેલા અનુમાનો ખંડિત કરી શકે છે.

૧૬) આ કામે ફરીયાદીએ તેના કાયદેસરના લેણાં પરત મેળવવા બાબતની નોટીસ આરોપી ને મોકલાવેલ, જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. આરોપી ને કોર્ટનો સમન્સ પણ આ જ સરનામે બજેલ છે. આથી આરોપી ને નોટીસ બજેલ નથી તેવું વિરૂધ્ધનું સાબિત થઈ શકે નહિ. કાયદેસરના લેણાં બાબતેની દલીલ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના રંગાપ્પાના કેસના ચુકાદામાં કાયદેસરના લેણાં બાબતેના મહત્વના અવલોકનના મહત્વના પેરાની નોંધ કરવી જરૂરી છે. કાયદેસરના લેણાં બાબતે નામદાર સુપ્રિમ કોર્ટના ત્રણ જજીસની બેંચે રંગાપ્પા મોહનના એ.આઈ.આર. ૨૦૧૦ સુ.કો. ૧૮૯૮ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, કલમ– ૧૩૯ મુજબના અનુમાનમાં કાયદેસરનું લેણું અસ્તિત્વમાં છે તે અનુમાનનો પણ સમાવેશ થાય છે. આ ચુકાદામાં પેરા નં. ૧૪ ઉપર નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

> 14. In light of these extracts, we are in agreement with the respondentclaimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat (supra) may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in9/13 the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally

enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant. etc. etc.xxxxxxx

૧૭) નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પ્રકાશિત થયેલ ૨૦૧૭(૧) જી.એલ.આર. ૨૬૬ ના ઈન્દ્રવદન નવનીતલાલ શેઠ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા બીજાના ચુકાદામાં પણ પેરા નં. ૧૬ માં ઉપરોકત જજમેન્ટનો આધાર લઈ જણાવેલ કે, "However, reading of entire judgment on the contrary makes it clear that practically the Supreme Court has held that complaint discloses, prima faice, existence of a legally enforceable debt or liability and when accused has no reason to deny the signature onthe cheque, statutory presumption under Sec. 139 comes into play and if same was not rebutted apart from raising a probable defence, conviction of the accused was upheld."" આમ, કાયદેસરના લેણાં બાબતે ઉપરોકત કાયદાકીય સ્થિતિ જોતાં કલમ– ૧૩૯ મુજબ કાયદેસરનું લેણું અસ્તિત્વમાં હતું તેવું શરૂઆતી અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય છે. ત્યારબાદ આરોપીએ સદર અનુમાનનું ખંડન કરવાનું છે, જે માટે આરોપીએ સાક્ષી તરીકે જુબાની આપવી જરૂરી નથી. આરોપી ફરીયાદીના પુરાવા ઉપરથી પણ સદર અનુમાનનું ખંડન કરી શકે છે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે આરોપીએ નિઃશંકપણે સાબિત કરવાનું નથી પરંતુ પ્રોબેબલ ડીફેન્સથી પુરવાર કરવું પડે. આ કામે રેકર્ડ જોતા જણાય આ વે છે કે, આરોપી એ પોતાની કાયદેસરની લેણી સ્વીકાર કરેલ છે એવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી આરોપી પાસેથી ફરીયાદીને કાયદેસરનું લેણું નીકળતુ ન હોવાનું માની શકાય નહી. આ મ, ફરીયાદીએ પોતાનુ કાયદેસરનું લેણું સાબિત કરેલ છે.

કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવુ દેવુ અથવા જવાબદારી:–

કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે જ્યારે કોઇ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ડ્રો કરવામાં આવે છે ત્યારે ફરીયાદીની તરફેણમાં બે વૈધાનીક ધારણાઓ Statutory presumption ઉદ્ભવે છે. એક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૯ અને ૧૧૮ હાથ ઉપર કામમાં આરોપી પક્ષ તરફે આ બંને ધારણાઓનું પુરી રીતે ખંડન કરવામાં આ વેલ નથી. તેવી જ રીતે **એમ.એસ.નારાયણ મેનન વિરૂદ્ધ સ્ટેટ ઓફ કેરાલા(૨૦૦૬), ૬, એસ.એસ.સી. ૩૯** માં પણ નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેવામાં આ વેલ.

૧૮) તેવી જ રીતે આ કામે આ ક:10 થી ચેક રીટર્ન મેમો રજુ કરવામાં આવેલ છે. તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૪૬ ધ્યાને લેતા જે નીચે મુજબ છે.

Sec. 146 Bank's slip prima facie evidence of certain facts. :- The court shall, in respect of every proceeding under this Chapter, on production of **bank's slip or memo** having thereon the **official mark** denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of cheque, unless and until such fact is disproved.

ફરીયાદીએ આ ક:10 થી ચેક રીટર્ન મેમો પુરવાર કરેલ છે. આ કામે આંક:12 થી લીગલ ડીમાન્ડ નોટીસની ઓફીસ કોપી, આંક: 13 થી પોસ્ટલ સ્લીપ રજુ કરેલ છે. જે અસલ અને પ્રાયમરી ડોક્યુમેન્ટ્સ છે અને પોસ્ટ ડિપાર્ટમેન્ટે ઈસ્યુ કરેલ છે અને જ્યારે આરોપી નોટીસની ડિલીવરીને પડકારતો ન હોય ત્યારે આ દસ્તાવેજો ઉપર શંકા કરવાનું કોઈ કારણ રહેતુ નથી અને ફરીયાદીએ આ ડોક્યુમેન્ટ્સ સાબિત કરેલ છે. જેથી નોટીસને ન માની શકાય તેવુ કોઇ કારણ રહેતુ

નથી. આમ, ફરીયાદીની નોટીસ અંગેની પોતાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે.

૧૯) આ કામે આરોપીએ હાજર રહી ફરીયાદીની કોઇ ઉલટ તપાસ કરેલ નથી કે તેઓના કોઇ સ્વતંત્ર મૌખિક કે લેખિત પુરાવો આ કામે રજુ કરેલ નથી. તે ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ અનુસંધાને કોઇ ઉલટ તપાસ થયેલ નથી કે અન્ય પુરાવાથી પડકારેલ હોવાનુ કારણ જણાઇ આવતુ નથી. જે જોતા આરોપી પાસેથી ફરીયાદીની કાયદેસરની લેણી લેવાની નીકળે છે. આમ, સદર કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ ફરીયાદ પેટેના તમામ દસ્તાવેજોને ધ્યાને લેતા આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપેલાનું તથા સદર એક ચેક બેંકમાંથી બાઉન્સ થયેલાનું જણાઇ આવે છે. વધુમા એન.આઇ.એક્ટની કલમ:૧૩૮ મુજબ નોટીસ નિયત સમય મર્યાદામાં આરોપીને મોકલવાનુ તેમજ આરોપીને બજેલાનુ પ્રસ્થાપિત થાય છે. છતા પણ આરોપીએ તેનો કોઇ જવાબ આપેલ નથી તે ધ્યાને લેતા કાયદાકીય જોગવાઇઓ મુજબ આરોપી વિરૂદ્ધ અનુમાન કરવાનું કારણ છે. આમ, ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો વિરૂદ્ધની કોઇ હકીકત આરોપીએ નામદાર કોર્ટમાં હાજર રહી રીબર્ટલ પુરાવો આપેલ નથી. જેથી એન.આઇ.એક્ટની કલમ:૧૩૯ અન્વયે આરોપીએ કાયદેસરના લેણા બાબતે ફરીયાદીને ચેક આપેલ છે તેવુ કાયદાકીય અનુમાન કરવાની જોગવાઇ છે જેનો પણ ખંડનાત્મક પુરાવો આરોપીએ આપેલ નથી.

૨૦) ઉપરોક્ત રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીએ પોતાના

ખાતાના ચેક ફરીયાદીના નામનો આપેલ છે, તે કાયદા મુજબ કલેકશન માટે બેંકમાં રજુ થયેલ છે, ''ફંડ ઈનસફીચન્ટ'' ના કારણે પરત થયેલ છે. જેની જાણ બાદ નિયત સમયમાં નોટીસ આપી, ફરીયાદીએ ડીમાન્ડ કરેલ છે. આરોપીએ ચેકની રકમ ચૂકવેલ નથી તેવી હકીકત રેકર્ડમાં સાબિત થયેલ છે. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ અસલ દસ્તાવેજી પુરાવો બેંકનું રેકર્ડ હોય અને તે અસલ સ્વરૂપમાં હોય તેમજ આ દસ્તાવેજો ફરીયાદીએ સોગંદ ઉપરની જુબાનીમાં રીફર કરેલ હોય સદર દસ્તાવેજો પુરવાર થયેલાનું માની મૂલ્યાંકન કરવામાં આવેલ છે. આરોપી તરફે કલમ- ૧૧૮(એ) અને ૧૩૯ તળે ઉત્પન્ન થયેલ અનુમાનો ખંડિત કરેલ નથી. આ તમામ હકીકતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ તમામ તત્વો સાબિત થતા હોય અને આરોપીએ ક. ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત માની શકાય તેમ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ "હકારમાં" આપું છું અને આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨૧) સદર કેસમાં છલ્લા ઘણા સમયથી આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેતા નથી. આજરોજ પણ આરોપી હાજર નથી. હવે કાયદાનો હેતુ ધ્યાને રાખીને અને સદર ગુન્હાની કાર્યવાહીમાં બિનજરૂરી લંબાણ અટકાવવા સારુ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનું **<u>શરદ જેઠાલાલ સાવલા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ</u>** સી.આર.એમ.એ. નં. ૧૯૮૬૨ ઓફ ૨૦૧૫, જી.એલ.આર. હાઈકોર્ટ ૧૦૦૦૬૦૪૪ નો ચુકાદો ધ્યાને લેતા જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

That there is No illegality as regards the pronouncement of the judgment and order of conviction

and sentence in the absence of the applicant accused.

The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence. in view of the provisions of Section 418(2) of the Cr.P.C. when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest.

In the absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.

આ કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી ઘણા સમયથી હાજર રહેતા નથી. જેથી સબબ કામ, આરોપી ને સજા અંગે સાંભળી વધુ હુકમ માટે મુલત્વી

રાખવામાં આ વેલ નથી. આ મ, ઉપરોક્ત ચુકાદામાં જણાવ્યા પ્રમાણે આરોપી હાજર ન હોય તો પણ તેને કેદની સજા અદાલત ફરમાવી શકે છે. જેથી બી.એન.એસ.એસ.કલમ–૩૯૨(૭)(Cr.P.C. Section 353 Sub Section (7)) મુજબ આરોપી ની ગેરહાજરીમાં નીચે મુજબનો આખરી હુકમ જાહેર કરવામાં આવે છે.

–// **હુકમ** //–

(૧) બી.એન.એસ.એસ.કલમ–૨૭૮(૨)(સી.આર.પી.સી.કલમ–૨૫૫(૨)) અન્વયે આ કામ ના આરોપી **મારીવાડ ભવાનભાઈ ભેમાભાઈ ,ધર્મે–હિન્દુ, રહે. જીતપુર નવી વસવાટ પો.આંબલીયા, તા.માલપુર ,જી.અરવલ્લી.** તેઓની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ અન્વયેના સજાને પાત્ર ગુનામાં દોષિત ઠરાવી 6 (છ) માસ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.કલમ–૩૯૫(૩)(સી.આર.પી.સી.કલમ–૩૫૭(૩)) અન્વયે કુલ રૂા. 1,00, 000/– (અંકે રૂપિયા એક લાખ પુરા) ફરીયાદીને વળતર રૂપે ચુકવવાનો હુકમ કરવામાં આ વે છે, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ (ત્રણ) મહીનાની સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આ વે છે.

(૩) જો આરોપીએ હાલના કામે અગાઉ કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તો, તે બી.એન.એસ.એસ.કલમ–૪૬૮(સી.આર.પી.સી. કલમ–૪૨૮) મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી આજરોજ હાજર ન હોય, તેમની સામે ધરપકડનો વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. મજકુર આરોપી સામેનો ધરપકડ વોરંટ બજવણી માટે તથા અસરકારક અમલવારી માટે જરૂરી નોંધ સાથે સંબંધીત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) બી.એન.એસ.એસ.કલમ–૪૦૪(૧)(સી.આર.પી.સી.કલમ –૩૬૩(૧) અન્વયે આરોપીને સદર ચુકાદાની નકલ વિના મુલ્યે જ્યારે આરોપીની ધરપકડ કરવામાં આવે અથવા આરોપી હાજર થાય ત્યારે તુરંત જ પુરી પાડવી.

આજરોજ તા.: ૦૭, માહે: જુલાઈ સને:2026 ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૭–૦૭–૨૦૨૬
સ્થળ : મોડાસા

(એસ.આર.શર્મા)
એડી. જ્યુડી.મેજી.ફ.ક.,
મોડાસા
જજ કોડ નં. જીજે. ૦ ૧૫૭૧

ડી. આર. પટેલ, પી.એ.